Monthly Newsletter

અંક : ૨૧

૧૦ નવેમ્બર ૨૦૧૭

# સંગઠિત અવાજ

Collective Voice of Gujarat

HO: GSNP+, Plot No. 67, Sahyog Co.op. Society, Ne. Barfiwala College, Sumul Dairy road, Surat

BO: GSNP+ D-9, ESI Hospital, 1st Floor, Nr. Dada Hari Vav, Asarva Yard, Asarva, Ahmedabad

www.gsnpplus.org www.facebook.com/gsnpplusgujarat

## જી.એસ.એન.પી.+ની ૧૪મી વાર્ષિક સાધારણ સભાનું આયોજન ૩જી



ઓકટોબર ૨૦૧૭ના રોજ ઊમિયા માતા મંદિર હોલ, સુરત ખાતે કરવામાં આવ્યું હતું. જેમાં ગુજરાતના જિલ્લા સ્તરીય સભાસદો ઉપસ્થિત રહી નવી કારોબારી સમિતિની વરણી માટે મતદાન કર્યુ. જેમાં ચુંટાયેલા કારોબારી સભ્યોની સમિતિમાં ૧) શ્રી રસિકભાઇ ભુવા, પ્રમુખશ્રી, ૨) શ્રીમતી દક્ષાબેન પટેલ, મંત્રીશ્રી, ૩) શ્રીમતી મનિષા પટેલ, ખજાનચીશ્રી ૪) શ્રી સુનિલગીરી ગોસ્વામી, ઉપપ્રમુખશ્રી ૫) શ્રીમતી આશાબેન પટેલ, સહમંત્રીશ્રી ૬) શ્રીમતી મનિષાબેન સાળુંકે, કારોબારી સભ્ય ૭) શ્રી ધર્મેન્દ્ર પટેલ, કારોબારી સભ્ય તરીકે આગામી પાંચ વર્ષ માટે પોતાનું યોગદાન આપશે. કાર્યક્રમ માટે શ્રી પ્રતિકભાઇ, શ્રીમતી સ્નેહલતાબેન દ્વારા તકનીકી સહયોગ મળ્યો હતો. જી.એસ.એન.પી.+ તજજ્ઞો તથા તમામ સમુદાયના આભારી છે કે સામયુદીક બંધારણને વધુ મજબૂત કરવા માટે સહુનું યોગદાન પ્રાપ્ત થયું.



## અલાયન્સ ઇન્ડીયા ટીમ દ્વારા વિહાન મુલ્યાંકન

જી.એસ.એન.પી.+ખાતે ૧૧-૧૨-૧૩ ઓકટોબર ૨૦૧૭ ના રોજ મુલાકાત કરવામાં આવી. આ ત્રણ દિવસ દરમ્યાન સુરતના કેર એન્ડ સપોર્ટ સેન્ટરની મુલાકાત લઇ ત્યાં થઇ રહેલ કામગીરી અંગે માહિતી મેળવી હતી. જેના આધારે રાજયના અન્ય સેન્ટરની કામગીરી અંગે જરૂરી મહત્વના સુચનો આપવામાં આવ્યા.

અમદાવાદ ખાતે જીસેકસના અધિકારીશ્રી સાથે મુલાકાત કરી કાર્યક્રમ અંગેના પ્રતિભાવો લીધા હતા. તથા ડો. રાજેશ ગોપાલ સાહેબશ્રીને એડીશનલ પ્રોજેકટ ડાયરેકટર, જીસેકસની નિયુકિત બદલ સ્મૃતિભેટ આપી અભિવાદન કરવામાં આવ્યું.

## ‘દિવાળી’ પર્વ ઉજવણી

એચ.આઇ.વી. સાથે જીવતા લોકોનો સામાજીક સ્વીકાર વધે, સમાજની મુખ્યધારા માં તેમની સામેલગીરી વધે તે હેતુથી જીલ્લા સંગઠનના સભ્યો તથા પ્રોજેકટ ટીમ દ્વારા વિવિધ પર્વ પૈકી દિવાળીના પર્વની ઉજવણી



પણ સ્થાનિક દાતાશ્રી ઓ તથા સંસ્થાઓના સહયોગથી કરવામાં આવી. જે અંર્તગત ૭૭૪ લાભાર્થીઓને ૨,૫૧,૭૭૫ કિંમતના મિઠાઇ, ફરસાણ, કપડા, બિસ્કીટ, રમકડાં, પ્રોટીન પાઉડર જેવી ભેટસોગાદો આપી દિવાળીની ખુશીમાં અભિવૃધ્ધિ કરી હતી. જિલ્લા સંગઠન સાથે સંકળાયેલ વિવિધ વ્યકિતગત દાતાશ્રીઓ તથા સ્વૈછીક સંસ્થા ઓના આ ઉમદા કાર્યને સંગઠન હ્દયપૂર્વક અભિવાદન કરે છે.

## વિહાન કાર્યક્રમનો સંગ...જીવનમાં ખુશીઓ અનંત

સવિતાબેન (નામ બદલેલ છે.) પાલનપુર જીલ્લાના ધાનેરા તાલુકાના એક નાનકડા ગામના વતની છે. ૧૦ વર્ષ પહેલા તેમના લગ્ન થયા હતા. સુખી લગ્નજીવનનો રથ પાટે ચઢે તે પહેલાં જ પતિ ખુબ ગંભીર રીતે બિમાર રહેવા લાગ્યા. આસપાસના જીલ્લાથી શરૂ કરી અમદાવાદ સુધી મોટી ખાનગી હોસ્પિટલમાં અઢળક ખર્ચ કરવા છતાં તેમનું આરોગ્ય સારું ના થયું. પાલનપુર સિવિલ હોસ્પિટલમાં સારવાર દરમ્યાન લોહીનો ટેસ્ટીંગ રીપોર્ટ એચ.આઇ.વી. પોઝીટીવ આવ્યો. જેની જાણ સાસરાપક્ષે છૂપાવી. **કારણકે તેઓ માનતા હતા કે એચ.આઇ.વી. એટલે મૃત્યુ જ.**

અંતે સવિતાબેનને જાણ થતા તેમનો ટેસ્ટ કરવવામાં આવ્યો જે અચ.આઇ.વી. પોઝીટીવ આવ્યો. સવિતાબેન તે સ્વીકારવા તૈયાર ન હતાં. તેમણે પતિની એ.આર.ટી. સારવાર શરૂ કરાવી અને તેમના સ્વસ્થ આરોગ્ય માટે સહકાર આપતા રહ્યા. જેથી થોડા જ મહિનામાં પતિનું સ્વાસ્થ્ય સારુ થયું.

સવિતાબેનને કોઇ સંતાન ન હોવાથી એકલતા અનુભવતા. પરંતુ એચ.આઇ.વી. રીપોર્ટના કારણે બાળક વિશે વિચાર માંડી વાળતા. તેઓ બનાસ એન.પી.+ વિહાન ટીમના સંપર્કમાં આવ્યા. તેમના દ્વારા સવિતાબેનને એ.આર.ટી. સારવારનું સાચું મહત્વ સમજાવવામાં આવ્યું. અને પરિણામે તેમની સામે મોકળા મને ચર્ચા કરવાની તક મળી.

માનસિક આધાર મળતા સવિતાબેને એ.આર.વી. દવા શરૂ કરાવી. અને થોડા સમયમાં બાળક અંગે ચર્ચા કરતા, હોસ્પિટલના ડોકટરના યોગ્ય માર્ગદર્શન થકી આજે સવિતાબેનને એક નાનું બાળક છે. અને તે બાળક નેગેટીવ છે.

આમ, સવિતાબેન પોતાના એચ.આઇ.વી. સાથેના જીવનમાં વિહાનના સથવારે માતૃત્વનું સુખ પામી શકયા. જીલ્લા સંગઠન અને વિહાન કાર્યક્રમ એચ.આઇ.વી. પોઝીટીવ લાભાર્થી તથા તેના પરિવારનું સંરક્ષણ, સંવર્ધન અને સ્વસ્થ જીવન માટે કટિબધ્ધ રહે છે.

## અન્ય વિશેષ કામગીરી

- જતન પ્રોજેકટ માટે આઇ.બી.એમ. વડોદરા દ્વારા મળેલ તકનીકી સહયોગથી જતન પ્રોજેકટ માટે તૈયાર કરવામાં આવેલ સોફ્ટવેરનું ફાયનલ પ્રેઝન્ટેશન કરવામાં આવ્યું.
- ઇનીયોસ સ્ટેરોલ્યુશન ઇન્ડીયા, વડોદરાના ૬૫ કર્મચારીઓ સાથે એચ.આઇ.વી. જાગૃતિ કાર્યક્રમ જી.એસ.એન.પી.+ દ્વારા આયોજીત થયો.
- પોરબંદરમાં ગરીબ કલ્યાણ મેળા અંતર્ગત ૮ એચ.આઇ.વી. પોઝીટીવ લાભાર્થીઓને અર્થોપાર્જન હેતુ સાધનસામગ્રી કીટનું વિતરણ કરવામાં આવ્યું.
- બનાસ એન.પી.+ વિહાન ટીમ દ્વારા રોટરી કલ્બના સહયોગથી ૧૦ જરૂરીયાતમંદ લાભાર્થીઓને આહારકીટ વિતરણ કરવામાં આવી.
- પરવિર્તન ફાઉન્ડેશન દ્વારા જીસેકસ અમદવાદના સહયોગથી દુરદર્શન સાથે મળી ગમ્મતગુલાલ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. જેનું પ્રસારણ ૨૩.૧૦.૧૭ના રોજ ટેલીવિઝન પર કરવામાં આવ્યું હતું.
- ભરૂચ જિલ્લા સંગઠનની નવમી વાર્ષિક સાધારણ સભા સંપન્ન થઇ. જેમાં નવા ૭ કારોબારી સભ્યોની પસંદગી કરવામાં આવી. તેમજ સીએલપી કંપની દ્વારા આપવામાં આવતો ન્યુટ્રીશન કીટ સપોર્ટ ૪૫ બાળકોને આપવામાં આવ્યો.
- સુરેન્દ્રનગર જિલ્લા સંગઠન એસ.ડી.એન.પી.+ દ્વારા એચ.આઇ.વી. પોઝીટીવ લાભાર્થી ઓ માટે એક દિવસીય પ્રવાસનું આયોજન સ્થાનિક દાતાશ્રીઓના સહયોગથી કરવામાં આવ્યું.



સંપર્ક: સુરત મુખ્ય ઓફિસ: ૦૨૬૧ ૨૫૩૦૦૦૨, અમદાવાદ શાખા ઓફિસ: ૦૭૯ ૨૨૧૬૦૮૪૨, ઈમેલ: info.gsnpplus@gmail.com, વેબ સાઇટ: www.gsnpplus.org